**જંગલમાં રઝળ્યાં 'દૂધ સંજીવની' યોજનાના પૅકેટો**

# કુપોષિત બાળકોના હકનું દૂધ કૂતરાઓના હવાલે!

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

ગુજરાતના આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં કુપોષણની ગંભીર સમસ્યાને દૂર કરવા માટે સરકાર દ્વારા શરૂ કરાયેલી **'દૂધ સંજીવની યોજના'**ના અમલીકરણમાં ગંભીર બેદરકારી સામે આવી છે. સિંગવડ તાલુકાના કટારાની પાલ્લી ગામ નજીક જંગલ વિસ્તારમાં આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો માટે મોકલાયેલા ફ્લેવર્ડ દૂધના સેંકડો પૅકેટો બિનવારસી હાલતમાં ફેંકાયેલા મળ્યા, જે રખડતા કૂતરાઓ દ્વારા ફાડી પીવામાં આવી રહ્યા હતા. આ દૃશ્યે સમગ્ર જિલ્લામાં રોષ અને ચિંતા ફેલાવી છે.રાજ્ય સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરીને કુપોષણ ઘટાડવા માટે આ યોજના અમલમાં મૂકે છે, પરંતુ હકીકતમાં લાભાર્થી બાળકો સુધી દૂધ પહોંચતું નથી તેવો ગંભીર સવાલ ઊભો થયો છે. સરકારી ચોપડે નિયમિત વિતરણના દાવા થાય છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે પૌષ્ટિક દૂધ જંગલમાં ફેંકાઈ રહ્યું છે.

આ ઘટના દર્શાવે છે કે યોજનાઓ અને તેના અમલીકરણ વચ્ચે મોટું અંતર છે. જો આ દૂધ ખરેખર બાળકો સુધી પહોંચ્યું હોત તો તેમના સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો શક્ય બન્યો હોત.

### ગરીબ આદિવાસી બાળકોના ભવિષ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં

આ ઘટના માત્ર સરકારી નાણાંના બગાડની નથી, પરંતુ આદિવાસી બાળકોના સ્વાસ્થ્ય અને ભવિષ્ય સાથે જોડાયેલી છે. બાળપણમાં યોગ્ય પોષણ ન મળવાથી તેમની શારીરિક અને માનસિક વૃદ્ધિ પર લાંબા ગાળાની અસર પડે છે. જનતા હવે માંગ કરી રહી છે કે આવા બનાવોમાં માત્ર તપાસની ઔપચારિકતા પૂરતી ન રહે, પરંતુ જવાબદાર લોકો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે જેથી આવી બેદરકારી ફરી ન બને.




### કરોડોના ખર્ચ પણ જવાબદારી પૂર્વક કામ કરવાનુ નક્કી કોણ કરશે?

દૂધના પેકેટો જંગલમાં કેવી રીતે પહોંચ્યા? વિતરણ માટે જવાબદાર એજન્સી કે અધિકારીઓની ભૂમિકા શું છે? આવા ગંભીર પ્રશ્નો સામે આવી રહ્યા છે. આ પહેલીવાર નથી કે દાહોદ જિલ્લામાં દૂધ સંજીવની યોજનાના દૂધના બગાડના બનાવો સામે આવ્યા હોય, છતાં અત્યાર સુધી કોઈ કડક કાર્યવાહી થતી જોવા મળતી નથી. સ્થાનિક લોકો અને જાગૃત નાગરિકોએ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે અને સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

**હનુમાન જન્મોત્સવની ઉજવણી**

## ઝંડ હનુમાન મંદિરે હનુમાન જન્મોત્સવની ઉજવણીમાં ભક્તોનુ ઘોડાપૂર ઉમટ્યુ



જાંબુઘોડા : જાંબુઘોડા અભયારણ્યના ડુંગરોની હારમાળાની વચ્ચે સ્થિત સુપ્રસિદ્ધ ઝંડ હનુમાન મંદિરે ચૈત્રી પૂનમ અને હનુમાન જયંતિના પાવન અવસરે ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. વહેલી સવારથી જ હજારોની સંખ્યામાં ભાવિકોએ દર્શન માટે લાંબી કતારો લગાવી હનુમાન દાદાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. અહીં એક જ રેતાળ પથ્થરમાંથી બનેલી અંદાજે 21 ફૂટ ઊંચી ભવ્ય હનુમાનજીની પ્રતિમા સ્થાપિત છે, જે આ મંદિરને ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ વિશેષ ઓળખ અપાવે છે. પવિત્ર દિવસે દર્શનનો લાભ લઈ ભક્તોએ ધન્યતા અનુભવી હતી. હનુમાન જયંતિના અવસરે મંદિરમાં સુંદરકાંડ પાઠ, હોમ-હવન સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. દૂર દૂરથી આવેલા ભક્તો માટે આયોજકો દ્વારા ભંડારાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

## ચૈત્રી પૂનમે પાવાગઢમાં ભક્તોનું ઘોડાપૂર, વહેલી સવારથી જ દર્શનાર્થીઓની ભીડ



હાલોલ : ચૈત્રી પૂનમના પાવન અવસર પર પાવાગઢ સ્થિત શક્તિપીઠ ખાતે આજે વહેલી સવારથી જ ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. રાજ્યભરના તેમજ પડોશી રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં યાત્રાળુઓ અહીં માતાજીના દર્શન કરવા પહોંચ્યા હતા. વિશેષ તિથિ હોવાને કારણે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. વહેલી સવારે મંદિરના દ્વાર ખુલતા જ ભક્તોએ લાઈનમાં ઉભા રહી શાંતિપૂર્ણ રીતે દર્શન કર્યા. યાત્રિકોએ મહાકાળી મંદિર ખાતે માતાજીના દર્શન કરી સીસ નમાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો. ચૈત્રી પૂનમ અને નવરાત્રિના સમયમાં પાવાગઢમાં દર વર્ષે લાખોની સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. આ વખતે પણ ભીડને ધ્યાનમાં રાખીને મંદિર ટ્રસ્ટ અને વહીવટી તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી. રોપ-વે સેવા વહેલી સવારે શરૂ કરવામાં આવી અને ભક્તોને સરળતાથી દર્શન મળી રહે તે માટે સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થાનો પણ કડક અમલ કરવામાં આવ્યો.

## દાહોદમાં પવનપુત્ર હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી



દાહોદ : આજ રોજ ચૈત્ર સુદ પૂર્ણિમાના પાવન દિવસે કળિયુગમાં હાજરા હજૂર એવા પવનપુત્ર શ્રી હનુમાનજીના જન્મોત્સવ નિમિત્તે દાહોદ શહેરના દલાણ હનુમાનજી મંદિર, પીપળીયા હનુમાનજી મંદિર, વાંઝી હનુમાનજી મંદિર, રામજી મંદિર, હનુમાન બજાર હનુમાનજી મંદિર, રામ દરબાર હનુમાનજી મંદિર, પંચમુખી હનુમાનજી મંદિર, તળાવ હનુમાનજી મંદિર સહિતના મંદિરો વિવિધ પ્રકારની શોભાયાત્રા યોજવામાં આવી છે. સવારે આઠ વાગે હનુમાનજીના જન્મોત્સવના વિશેષ દર્શન યોજાયા હતા. જેનો હજારો રામભક્તોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી. આજના દિવસે દરિમ્યાન શહેરના હનુમાનજી મંદિરોમાં રામ ધૂન, બજરંગ બાણના પાઠ, આરતી, મહા આરતી સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ મોડી સાંજે શહેરમાં વિવિધ સ્થળે મહાપ્રસાદનું (ભંડારો) આયોજન પણ કરવામાં આવ્યું છે.

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણીઓ-2026 અંગે બેઠક યોજાઇ

એપ્રિલ-2026ની ચૂંટણીને લઈ પંચમહાલ જિલ્લા વહીવટી તંત્ર સજ્જ



(પ્રતિનિધિ) ગોધરા, તા.2

આગામી સમયમાં સ્વરાજ્યના એકમો સામાન્ય /પેટા ચૂંટણીઓને અનુલક્ષીને પંચમહાલ જિલ્લા તંત્ર દ્વારા સઘન અને સુવ્યવસ્થિત તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. આ સંદર્ભે જિલ્લા કલેકટર કચેરી ખાતે અધિક જિલ્લા ચૂંટણી અધિકારી અને નિવાસી અધિક કલેકટર જે.જે પટેલના અધ્યક્ષસ્થાને ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સંભાળતા નોડલ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં અધિક જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, એપ્રિલ-૨૦૨૬ દરમિયાન યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સામાન્ય ચૂંટણીઓ મુક્ત, નિષ્પક્ષ અને પારદર્શક રીતે સંપન્ન થાય તે માટે તમામ વિભાગો દ્વારા સંકલિત આયોજન સાથે સમયબદ્ધ અને જવાબદારીપૂર્ણ કામગીરી કરવી અનિવાર્ય છે. તેમણે આદર્શ આચાર સંહિતાનો કડક અને અસરકારક અમલ સુનિશ્ચિત કરવા ખાસ ભાર મુક્યો હતો. બેઠક દરમિયાન ચૂંટણી વ્યવસ્થાપનના વિવિધ પાસાઓ અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં મેનપાવર મેનેજમેન્ટ, ઈવીએમ વ્યવસ્થાપન, મતદાન મથકો પર જરૂરી સુવિધાઓ, પરિવહન અને સામગ્રી વ્યવસ્થાપન, ખર્ચ મોનીટરીંગ, ચૂંટણી નિરીક્ષકો સાથે સંકલન તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મતપત્રો, ડમી મતપત્રો અને પોસ્ટલ બેલેટના છાપકામ અને વ્યવસ્થાપન, મીડિયા સંકલન, કોમ્પ્યુટરાઈઝેશન અને ઈ-ડેશબોર્ડ, આઈ.ટી. કામગીરી, SVEEP અંતર્ગત મતદાતા જાગૃતિ અભિયાન, હેલ્પલાઈન અને ફરિયાદ નિવારણ વ્યવસ્થા, પોલિંગ સ્ટાફ વેલ્ફેર, દિવ્યાંગ મતદારો માટેની સુવિધાઓ, સ્થળાંતરિત મતદારો માટેની વ્યવસ્થા, કસ્ટમાઈઝ્ડ કિટ, તાલીમ આયોજન અંગે પણ જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**ઘોઘંબાથી નોકરીએ જતાં 45 વર્ષીય પુરુષનું કરુણ મોત**

## હાલોલ નજીક પાવાગઢ બાયપાસ રોડ પર બાઈક સ્લીપ થતા ચાલકનું ઘટના સ્થળે મોત

(પ્રતિનિધિ) હાલોલ, તા.2

પંચમહાલ જિલ્લામાં હાલોલ શહેર નજીક પાવાગઢ બાયપાસ રોડ પર ગતરોજ સાંજે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં બાઈક ચાલકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ, ઘોઘંબાના વાવ ગામના મંદિર ફળીયા વિસ્તારમાં રહેતા સંજયભાઈ અમરસિંહ બારિયા (ઉંમર 45 વર્ષ) ગતરોજ સાંજે પોતાની નોકરી પર જવા માટે બાઈક લઈને નીકળ્યા હતા. તેઓ આસોજ નજીક આવેલી એક ખાનગી કંપનીમાં ફરજ બજાવતા હતા. સાંજે અંદાજે 7 વાગ્યાના સમયે વિરાસત વન અને જેપુરા ચોકડી નજીક તેમની બાઈક



અચાનક સ્લીપ ખાઈ જતા તેઓ રોડ પર પટકાયા હતા. અકસ્માત દરમિયાન તેમના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ પાવાગઢ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને હાલોલ સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવને કારણે વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. છેલ્લા કેટલાક સમયમાં હાલોલ અને આસપાસના વિસ્તારોમાં માર્ગ અકસ્માતોની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે, જે રોડ સલામતી અંગે ચિંતાજનક પરિસ્થિતિ દર્શાવે છે.

## વાર્ષિક પરીક્ષાના સમયે જ સંજેલીની લવારા પ્રા. શાળાનો શિક્ષક મેડિકલ રજા મૂકી વિદેશ પ્રવાસે ગયો

**તાલુકા પ્રાથમિક** શિક્ષણાધિકારી તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરશે

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

સેજેલી તાલુકાના લવારા ગામની પ્રાથમિક શાળાના શિક્ષક પોતાના ખાનગી વ્યવસાય માટે વાર્ષિક પરીક્ષા સમયે જ શાળામાં મેડિકલ લીવનો રિપોર્ટ મૂકી વિદેશ ફરવા જતા હોવાની ઘટનાથી તાલુકાના શિક્ષણ આલમમાં ચકચાર મચી છે.

તેમજ ફોટા વાયરલ થતાં રજા લીધી હોવાના આક્ષેપ સાથે આ બાબતે તપાસ કરી શિક્ષાત્મક પગલાં લેવા માંગ કરવામાં આવી છે. સજેલી તાલુકાના લવારા ગામની પ્રાથમિક શાળામાં હાલ ધોરણ ૧ થી ૮ માં ૧૦૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળામાં પાંચ શિક્ષકો ફરજ પર છે, તે પૈકી શિક્ષક જાગરૂત પરમાર પોતાના અન્ય વ્યવસાયમાં વ્યસ્ત રહેતા હોવાના કારણે અવારનવાર શાળામાં વિવિધ કારણોસર રજા મૂકી જતા હોવાની પણ ચર્ચા છે. ફરિયાદી અને અન્ય શિક્ષકો કહે છે કે તાજેતરમાં મેડિકલ લીવ મૂકી વિદેશ પ્રવાસે ગયા બાદ શિક્ષકે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં ફોટા અને વિડિઓ મુકતા તે વિદેશ હોવાની જાણ થઈ હતી. આ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આરતસિંહ બારીયા સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે લવારા પ્રાથમિક શાળાના શિક્ષક જાગરૂત પરમાર તાજેતરમાં થાઈલેન્ડ ફરવા ગયા હતા, જેની મને જાણ થઈ છે.

આ અંગે સેજેલી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને તપાસ સોંપી છે. જો કોઈ શિક્ષક પ્રવાસે જવું હોય તો જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની મંજૂરી લેવાની રહે છે, પરંતુ આ શિક્ષકે મંજૂરી લીધી નથી. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરશે.

## પંચમહાલ જિલ્લામાં ચૂંટણી સંદર્ભે વિવિધ પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું

ગોધરા : પંચમહાલ જિલ્લામાં રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/ પેટા ચૂંટણીઓ એપ્રિલ -૨૦૨૬ અંતર્ગત સમગ્ર પંચમહાલ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, મતદારો નિર્ભયપણે મુક્ત રીતે મતદાન કરી શકે, ચૂંટણી પ્રક્રિયા શાંતિમય વાતાવરણમાં યોજાય તેમજ જાહેર સુલેહશાંતિનો ભંગ ન થાય તે માટે જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ શ્રી જે.જે પટેલ દ્વારા જિલ્લાના સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય સંસ્થાઓની સામાન્ય પેટા ચૂંટણીઓ એપ્રિલ- ૨૦૨૬ હેઠળના વિસ્તારોમાં સામાન્ય ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગીસિવાય ૪(ચાર) કરતા વધુ વ્યકિતઓનાં એકત્રિત થવા, સભા ભરવા કે સરઘસો કાઢવાને પ્રતિબંધિત કરતો જાહેર હુકમ કરવામાં આવ્યો છે.

## શહેરાના અપહરણ અને પોક્સો કેસનો ફરાર આરોપી સુરતથી ઝડપાયો

(પ્રતિનિધિ) ગોધરા, તા.2

શહેરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ અને પોક્સો એક્ટ હેઠળના ગંભીર ગુનામાં નાસતા ફરતા આરોપીને સુરતથી પકડી પાડી પંચમહાલ જિલ્લાની પેરોલ ફર્લો સ્ક્વોર્ડે ભોગ બનનારને સુરક્ષિત રીતે શોધી કાઢ્યા છે. આ ગુનાનો આરોપી અરવિંદભાઈ આરતભાઈ ડાભી રહે. બોરીયાવી, તા. શહેરા ગુનો આચર્યા બાદ પોલીસથી બચવા સુરત જિલ્લાના સાયણ તરફ ભાગી ગયો હતો અને ત્યાં છુપાઈને મજૂરી કામ કરતો હતો. પોલીસને બાતમીદારો અને ટેક્નિકલ એનાલિસિસ મારફતે ચોક્કસ માહિતી મળી હતી કે આરોપી હાલ સુરત તરફ છે. આ માહિતીના આધારે પેરોલ ફર્લો સ્ક્વોર્ડની ટીમે તપાસ હાથ ધરી સુરતના કોસમડા વિસ્તારમાં



આવેલી સાયણ હેમાત પોલીસ ચોકી પાસેથી આરોપીને ઝડપી લીધો હતો. પંચમહાલ જિલ્લામાં એપ્રિલ માસ દરમિયાન નાસતા ફરતા ગુનેગારોને ઝડપી પાડવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચનાથી ચાલી રહેલી ખાસ ઝુંબેશના ભાગરૂપે પોલીસને આ મોટી સફળતા મળી છે. હાલમાં પેરોલ ફર્લો સ્ક્વોર્ડે આરોપીની અટકાયત કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવા માટે આરોપી તથા ભોગ બનનાર બંનેને શહેરા પોલીસ સ્ટેશનને સોંપી દીધા છે.

**યુદ્ધની અસર બેઅસર : ગેસની અછત છે અમારામાં હિંમત તો પૂરી જ છે**

# લીમખેડા તાલુકા અને બાંડીબાર પંથકમાં લોકો દેશી ચૂલા તરફ વળ્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

ગેસ ના ભાવ વધ્યા સાથે બળતણ ના પણ લાકડાના ભાવ વધતાં ગામડાના લોકો ઝાડી ઝાખરા વીણી ચૂલો સળગાવવા મજબૂર એક નાની બાળકી પણ તેની માતાની હિમ્મત કાયમી રાખવા માથા ઉપર બોજ લાધ્યો જ્યાં દફતર ખભા ઉપર હોવાના બદલે માથે લાકડાનો ભારો કેટલુંય કહી જાય છે

લીમખેડા તાલુકાના વડેલા અને બાંડીબાર સહિતના ગામોમાં રાંધણ ગેસના સિલિન્ડર ના મળતાં ગ્રાહકો પરેશાન થઈ ગયા છે. ગ્રામજનો ફરી એકવાર ચુલા પર ભોજન બનાવવા તરફ વળ્યા છે. પેલા ૩૦ દિવસ ની મર્યાદા માં ગેસ નો બોટલ મળતો



### શુ કહે છે લાકડાના વહેપારી

હું પીપલોદ અને ગોધરા બંને જગ્યા માર્કેટ માં ફરી આવ્યો પણ બળતણ માટેના લાકડાજ મળતા નથી પેલા ૨૦ કિલોના ૯૦ થી ૯૫ રૂપિયા હતા પણ હાલ ૧૧૦ રૂપિયા નો ભાવ છે એડવાન્સ પેમેન્ટ જમા કરાવ્યું છે બે દિવસ પછી ગાડી આવશે

**-નિલેશ રાવત લાકડાના વેપારી**

હતો હવે ૪૫ દિવસે મળસે

હાલ મધ્ય પૂર્વના દેશ ઈરાન અને ઈઝરાયેલ તથા અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને પગલે દેશભરમાં રાંધણ ગેસની સપ્લાય ચેઈન ખોરવાઈ છે, પરિણામે ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી રાંધણ ગેસની સમસ્યા સર્જાઈ છે. દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં રાંધણ ગેસના સિલિન્ડરનો પુરવઠો નહીં આવતાં છેલ્લા ૨૦-૨૫ દિવસથી ગ્રાહકોને હાલાકી વેઠવી પડી રહી છે. સામાન્ય દિવસોમાં અઠવાડિયે આવતા સિલિન્ડરના બોટલ માં હાલમાં બુકીંગના ૨૫ દિવસ બાદ પણ ડિલિવરી નથી મળી રહી. સ્થાનિક એજન્સીમાં ફોન કરતાં કોઈ જવાબ મળતો નથી. સરકાર દવારા જાહેરાત કારાઈ છે ગેસ પૂરતા પ્રમાણ માં છે પણ સ્થળ ઉપર પરિસ્થિતિ અલગ છે તેમજ કેટલાય લોકો ફરી એકવાર ચુલા પર રસોઈ બનાવવા તરફ વળ્યા છે.

**શ્રી કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત**

## કાલોલની એમ. જી.એસ હાઈસ્કુલ અને સી.બી. ગર્લ્સ હાઈસ્કુલનો વાર્ષિકોત્સવ યોજાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.2

શ્રી કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત એમ જી એસ હાઈસ્કુલ ખાતે ખાતે એમજીએસ અને સી બી ગર્લ્સ હાઈસ્કુલ નાં વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે જીલ્લા શિક્ષણાધિકારી કચેરીના ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ જીગરભાઈ પટેલ તથા શિક્ષણ નિરીક્ષક જીગ્નેશભાઈ પટેલ ઉપસ્થીત રહ્યા હતા . મુખ્ય મહેમાન તરીકે હાલોલ મોડેલ સ્કૂલના આચાર્ય એન કે વાઘેલા અને દુનિયાં મોડલ સ્કૂલના આચાર્ય હાર્દિકભાઈ પટેલ તેમજ વિવિધ સરકારી શાળા ના આચાર્ય હાજર રહ્યા હતા. કેળવણી મંડળ ના પ્રમુખ પ્રકાશભાઈ ગાંધી, ઉપપ્રમુખ જયંતભાઈ મહેતા, મંત્રી વિરેન્દ્ર મહેતા સહ મંત્રી યોગેશભાઈ મહેતા અને ખજાનચી મનોજભાઈ પરીખ બન્ને શાળાના



આચાર્ય કે પી પટેલ અને એન પી પટેલ શાળા નો સ્ટાફ વિધાર્થીઓ અને વાલીગણ હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે બન્ને શાળા ના વિધાર્થીઓ એ કુલ ૨૦ કૃતિઓ રજુ કરી હતી જેમા મુખ્યત્વે ખેડૂત ની વેદના, છાવા શંભાજી મહારાજ, ફિલ્મ અભિનેતા ધર્મેન્દ્ર ની કૃતિ લાલો ફિલ્મ આધારિત કૃતિ, ભક્ત પ્રહલાદ નરસિંહ અવતાર, લોક ગીત, ગરબા અને નૃત્ય, ટીમલી નૃત્ય, ગણેશ વંદના, કૉમેડી શો, આદિવાસી નૃત્ય ની કૃતિઓ રજુ કરી હતી.